# ફાર્મસીની વિકસતી ક્ષિતિજો આર્થિક અને સામાજિક સમૃધ્ધિ આપી શકે છે

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,મંગળવાર

દેશમાં ઔષધવિજ્ઞાનની નવી-નવી ક્ષિતિજો વિકસી રહી છે. એ ભારતીઓને સ્વાસ્થ્યની સાથોસાથ અનેકગણી આર્થિક અને સામાજિક સમૃધ્ધિ ય આપી શકે એમ છે.

## શહેરમાં ઓષધીય સંશોધનમાં નવીનતા વિષે યોજાયેલી રાષ્ટ્રીય પરિષદ

ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એસોસિએશન વડોદરાના અધ્યક્ષ ડૉ. જયંત બી. દવેએ આજે અત્રે આમ જણાવીને ઉમેર્યું કે આજના સમાજના ઉદેશોની પૂર્તિ માત્ર રોટી, કપડા અને મકાનથી જ થતી નથી. સમયના પરિવર્તનીય વહેણ સાથે એમાં હવે સ્વાસ્થ્ય સંભાળથી માંડીને શક્તિકરણ સુધીની સાર્વત્રિકપણે વિસ્તરેલી ક્ષિતિજોનો સમાવેશ કરવો જરૂરી છે.

ડૉ. દવેએ અત્રેના પારુલ આરોગ્ય સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત બરોડા કોલેજ ઓફ ફાર્મસી લીમડા (વાઘોડિયા) અને ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એસોસિએશન, વડોદરા શાખાના સંયુક્ત ઉપક્રમે 'ઔષધિય સંશોધનક્ષેત્રે નવીનતા' વિષે યોજાયેલી બે દિવસીય રાષ્ટ્રીય પરિષદના પ્રારંભે વિચારો વ્યક્ત કરતા દેશની ફાર્માસ્યુટિકલ કાઉન્સિલની ફાર્માવિઝન ૨૦૨૦નો ય ખ્યાલ આપ્યો હતો. એમણે ઘરઆંગણના તેમજ નિકાસલક્ષી વિકાસના પોષક પરિબળોની છણાવટ કરી હતી.

એમ.એસ. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. આર.કે. ગોયલે કહ્યું કે ઔષધવિજ્ઞાન એ ખુબ જ વિકસતું અને વિસ્તરતું ક્ષેત્ર છે. એમાં અત્યાધુનિક નવા સંશોધનો અનેક ક્ષેત્રોની ઊંડી સમજ અને એમની ભાગીદારી કરવાની કુશળતા માગી લે છે.

એમણે ઔષધવિજ્ઞાનના ફોર્મ્યુલેશનથી માંડીને ઉત્પાદન સુધીના તબક્કામાં સમાવિષ્ટ પેટા વિષયોના ઉદાહરણ આપીને સમજાવ્યું કે કાર્યક્ષમતા સિધ્ધ કરવાની ચાવી અત્યાધુનિક જ્ઞાનની સાથેસાથે ઉપરોક્ત વિવિધ ક્ષેત્રોના સમન્વયમાં રહેલી છે.

દિલ્હી, મુંબઈ, પંજાબ અને સિક્કિમ સહિત ફાર્મસી વિજ્ઞાનના દેશભરના સ્નાતક, અનુસ્નાતક અને ડોક્ટરેટ કક્ષાના સંશોધકો પસંદગી પામેલા ૨૧ સંશોધનપત્રો રાષ્ટ્રીય આ પરિષદના આજના પ્રથમ દિવસે રજુ થયા હતા.

આ પૈકી બરોડા કોલેજ ઓફ ફાર્મસીના ભૂમિકા પટેલ, એમ. એસ. યુનિવર્સિટીના સુર્જ્યાનારાયણ મંડળ, બરોડા કોલેજ ઓફ ફાર્મસીના એ.કે. તિવારી, જ્યારે શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણાના પી.ટી. પરમાર જેના લીડ ઓથર છે એવા સંશોધનપત્રોને શ્રેષ્ઠ સંશોધન પત્રોના એવોર્ડ એનાયત થયા હતા. કાર્યક્રમના આવતીકાલે બુધવારે અંતિમ દિવસે ફાર્મસી ક્ષેત્રના ત્રણ મહાનુભાવોના વ્યાખ્યાન સાથે અન્ય ૨૦ સંશોધકો એમના સંશોધનપત્ર રજુ કરશે.